## આપની આજ

નરેન્દ્ર શાહ
(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)

**આજે રાશિ વૃશ્ચિક**

**આજના ગ્રહોની કુંડળી**

| | | | |
|---|---|---|---|
| ૯ સૂર્ય | શુક્ર-શનિ ૮ | ચંદ્ર - મંગળ ૭ | રાહુ ૬ |
| ૧૦ બુધ | | ૪ | ગુરુ ૫ |
| ૧૧ | ૧૨ કેતુ | ૧ | ૨ ૩ |

**શુભ માલાયોગ થાય છે. સૂર્ય - ગુરુ અને મંગળ - શુક્ર પરિવર્તન યોગથી ઉચ્ચના થાય છે. શુક્ર - ચંદ્રની યુતિ લોકપ્રિયતાનો સુંદર યોગ ઉત્પન્ન કરે છે.**

**મેષ** શુભ સમાચાર પ્રાપ્ત થાય. આકસ્મિક લાભ મળે. વિના કારણે ક્રોધ કરાવે - સાચવવું પત્ની સાથે ચડભડ થાય.

**વૃષભ** સાતમે ચંદ્ર - શુક્ર - શનિ મિશ્ર ફળ આપે. કીર્તિમાં વધારો કરે - અપ્રિય પ્રસંગ ઉભો કરે. વાણી ઉપર સંય રાખવો જરૂરી છે.

**મિથુન** આગેવાનોથી લાભ મળે. ઉત્સાહ અને ઉમંગથી અટકેલા કાર્યો પૂરા કરી શકશો. મિત્રોની અકલ્પનીય મદદ મળી રહે.

**કર્ક** સામાજિક જવાબદારીઓ વધે - આકસ્મિક ધન લાભ થાય. રોકાયેલ ઉઘરાણી પરત આવે.

**સિંહ** ભાગ્યોદયની તકો ઊભી છે. સૂર્ય ગુરુ નવપંચમ યોગ ધાર્મિકત્તી બક્ષે. ઈષ્ટદેવની ભક્તિથી લાભ થાય છે. અવિચારી સાહસ ન કરવું.

**કન્યા** શારીરિક તંદુરસ્તી જળવાય. રાશિમાં રાહુ વ્યગ્રતા બક્ષે. ડરવાના વિચારો આવે. શાંતિથી સમય પસાર કરવો. વાદ-વિવાદમાં ન ઉતરવું.

**તુલા** રાશિમાં મંગળ તમોને અયોગ્ય ભાષાનો પ્રયોગ કરાવે - બને ત્યાં સુધી શાંતિ રાખવી.

**વૃશ્ચિક** લગ્નજીવન સરળતાથી આનંદમય રહે. મિત્રો તરફથી મદદ મળી રહે. શુક્ર - ચંદ્રની યુતિ દિવસ આનંદમય પસાર કરાવે - ધન લાભ થાય.

**ધન** પત્ની અને ભાગીદારોથી સંભાળવું - આર્થિક સ્થિતિ સુધરે. ખોટાં સાહસથી દૂર રહેવું. ક્રોધને કાબૂમાં રાખવો.

**મકર** રાશિમાં બુધ તમામ વર્ગોને કલ્યાણકારી લાભો આપે - મહિલાોને દિવસ આનંદમાં પસાર થાય. બાળકોને યુવા વર્ગની ઉન્નત થાય.

**કુંભ** ધર્મ કાર્યમાં પ્રવૃત્ત રહો - ધાર્મિક પ્રસંગ પાછળ ખર્ચો થાય. આપના સાક્ષીઓનો સહકાર દરેક ક્ષેત્રમાં મળી રહે - ઉતાવળ ન કરવી.

**મીન** પૈસાની લેવડ-દેવડમાં સાચવવું. સાતમે રાહુ ખોટા નિર્ણયો લેવડાવે તો વારંવાર વિચારીને સાવધતા રાખીને આગળ વધવું.





દમન પ્રતિકાર રેલી : કોંગ્રેસ દ્વારા પાટીદાર આંદોલનના થયેલા પોલીસ દમન સંદર્ભે 'દમન પ્રતિકાર રેલી' ગાંધી આશ્રમ ખાતે યોજાઈ હતી. પોલીસના ભારે બંદોબસ્ત વચ્ચે યોજાયેલ રેલીમાં સંખ્યાબંધ કાર્યકરોની અટકાયત કરી રેલી નિષ્ફળ બનાવી હતી. સાથો સાથ ગુજરાતના અન્ય શહેરોમાંથી રેલીમાં જોડાવા આવતા કાર્યકરોને જે તે શહેરોમાં જ અટકાયત કરી હતી. જેથી રેલી યોજાઈ જ ન શકે. આમ છતાં કોંગ્રેસના કાર્યકરો દ્વારા છુટાછવાયા પ્રમાણમાં રેલી નિકાળવાનો પ્રયાસ થયો હતો. (તસવીર : દિપક જાની)

# ૨૪મીએ અમદાવાદમાં 'મીની મેરેથોન' યોજાશે

ગાંધીનગર, તા. ૫

સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયા ગાંધીનગર દ્વારા કેન્દ્રીય સરક્ષણ મંત્રાલયની સૂચનાથી ૨૬ જાન્યુઆરી પ્રજાસત્તાક પર્વના ભાગરૂપે અમદાવાદ ખાતે ૨૪મીના રોજ 'મીની મેરેથોન' દોડનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં કોઈપણ નાગરિક આ મેરેથોનમાં ભાગ લઈ શકશે.

પ્રજાસત્તાક પર્વ ૨૦૧૬ની ઉજવણી માટે ભારત સરકારના સરંક્ષણ મંત્રાલયની સૂચનાથી સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયા દ્વારા અમદાવાદ સહિત ભોપાલ સોનેપત, ગૌહાટી વગેરે સ્થળે મીની મેરેથોન દોડનું આયોજન કર્યું છે.

આ ઉજવણીના ભાગરૂપે ગુજરાતમાં અમદાવાદ ખાતે ૨૪મી જાન્યુઆરી સવારે ૭.૪૫ કલાકે કર્ણાવતી ક્લબ ખાતેથી 'મીની મેરેથોન' દોડ યોજાશે. આ દોડમાં ભાગ લેવા નાગરિકો પાસે કોઈપણ પ્રકારની રજીસ્ટ્રેશન ફી રાખવામાં આવી નથી. દોડના અંતે ભાગ લેનાર દરેક વ્યક્તિને સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયા દ્વારા ટી શર્ટ, ટોપી, નાસ્તો અને પ્રમાણપત્ર આપવામાં આવશે. ઉપરાંત લગભગ આ મેરેથોન દોડમાં ૫૦૦૦ જેટલા વ્યક્તિઓ ભાગ લેશે. માટે અપોલો હોસ્પિટલની મેડીકલ ટીમ સેવાઓ આપશે. આ મેરેથોન દોડ વિશેની વધુ પુછપરછ અને માહિતી માટે ગાંધીનગર સાંઈ સંકુલના સિનિયર એથ્લેટિક કોચ અપૂર્વ વિશ્વાસ (મો. નં. ૯૮૯૮૮૧૯૧૭૧) પર સંપર્ક કરી શકાશે તેમ નિયામક આર.કે. નાયડુએ જણાવ્યું હતું.

## ગુણભાંખરી ગામેથી યુવતીને ભગાડી જતા ત્રણ વિરૂદ્ધ ફરિયાદ

પોશીના તાલુકાના ગુણભાંખરી ગામેથી સોમવારે ઉંબરવા ગામના પ્રતાપભાઈ રજુભાઈ ગમાર, અણદાભાઈ હજુભાઈ ગમાર અને મેંઠાભાઈ હજુભાઈ ગમાર રેખાબેન નામની યુવતીને ઘરમાંથી બળજબરીપૂર્વક ભગાડી ગયા હતા. ત્યારબાદ હોમીરાભાઈ લાલજીભાઈ ગમારે ત્રણેય જણા વિરૂદ્ધ પોશીના પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

## વિજયનગરમાં હડકાયા કૂતરાનો આંતક : ત્રણને નિશાન બનાવ્યા

હિંમતનગર, તા. ૫

વિજયનગરમાં મંગળવારે હડકાયા કૂતરાએ ત્રણ વ્યક્તિઓને કરડતા વિજયનગર રેફરલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જે પૈકી બે દર્દીઓને પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

વિજયનગર ગામમાં મંગળવારની સવારે હડકાયા કૂતરાએ ત્રણ વ્યક્તિઓને નિશાન બનાવ્યા હતા. જેમાં બંસીભાઈ ભુધરાની દિકરી રીયા (ઉં.વ.૧૨)ને હાથે બચકુ ભરતા તેણીને ૧૨ થી ૧૩ ટાંકા લેવા પડ્યા હતા. જ્યારે બોરીખુંટ વિસ્તારમાં રહેતા કનકસિંહ સરદારસિંહ સિસોદીયાના ઘરે આવેલા જમાઈ મણીયોર તા. ઈડરના કિરણસિંહ પરમાર આંગણામાં બેઠા હતા જે સમયે દોડી આવેલા હડકાયા કૂતરાએ કરણસિંહને મોંઢાના ભાગે બચકુ ભર્યુ હતુ. આ બંને દર્દીઓ અને અન્ય એક દર્દીને પણ વિજયનગર રેફરલ હોસ્પિટલના તબીબ ડૉ. પોકારે પ્રાથમિક સારવાર આપી રીયા ગોદડ અને કિરણસિંહ પરમારને વધુ સારવાર માટે અને હડકવાની રસીના ઈન્જેકશન અપાવવા હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યારે હડકાયા કૂતરાના આતંકની આ ઘટના વિજયનગરમાં ટોક ઓફ ધ ટાઉન બની હતી. જેમાં આ કૂતરાએ જીવાભાઈ પરમારની બકરીને પણ નિશાન બનાવી હોવાનું જાણવા મળ્યું હતું.



## પ્રાંતિજ સ્વામીનારાયણ મંદિરમાં શાકોત્સવની ઉજવણી

પ્રાંતિજ ખાતે આવેલ સ્વામિનારાયણ મંદિર ખાતે ૩૦૦ વર્ષથી ચાલી આવતી શાકોત્સવની પરમપરા આજે પણ યથાવત છે. અને દર વર્ષની જેમ આ વર્ષે પણ શાકોત્સવની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. પ્રાંતિજ મેન બજારમાં આવેલ શ્રી સ્વામીનારાયણ મંદિર ખાતે રવિવારના રોજ શાકોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જ્યારે મંદિરના મહંત સ્વામી ગોપાલ જીવનદાસજી દ્વારા મંદિરના સભાખંડમાં સંતોના આશીર્વાદ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ગુરૂ શા. સ્વામી પ્રાણજીવનદાસજી, વ્રજુષણદાસજી, ચૈતન્ય સ્વરૂપદાસજી, કૃષ્ણજીવનદાસજી, નરોત્તમ ભગત દ્વારા આશીર્વચન આપવામાં આવ્યા હતા.

# શ્રી સરસ્વતિ બાલમંદિર મંડળ મોડાસાના પ્રમુખ તરીકે નિલેષ જોષીની હેટ્રિક

મોડાસા, તા. ૫

અરવલ્લી જિલ્લાનું મુખ્યમથક ગુજરાત રાજયમાં શિક્ષણનગરી તરીકે જાણીતુ છે. મોડાસા શહેરમાં સતત ૬૦ વર્ષથી શૈક્ષણિક સેવા આપતી શ્રી સરસ્વતિ બાલમંદિર મંડળ સંચાલિત શ્રી વી.એસ. પ્રાથમીક શાળા (રત્નદિપ અને ડિપ શાખા) ૬૦ વર્ષથી સતત નગર, રાજ્ય અને દેશ-વિદેશનો ડૉકટર, એન્જીનીયર અને સમાજ સેવાઓનું સીંચન કરીને પ્રતિષ્ઠિત પ્રતિભાઓ પુરી પાડી છે. શ્રી સરસ્વતિ બાલમંદિર મંડળને ૬૦માં વર્ષમાં પ્રવેશ થતા મંડળના પ્રમુખની નિમણુંક અને વાર્ષિક અહેવાલ રજુ કરવા રત્નદીપ શાખાના જનરલ હોલમાં મળી હતી. જેમાં મોડાસા શહેરના



સરસ્વતિ બાલમંદિર મંડળના સભ્યો મોટી સંખ્યામાં હાજર રહી સતત બે ટર્મથી મંડળનો વિકાસ અને શૈક્ષણિક સુવાસ ફેલાવતા નિલેષભાઈ જોષીની સર્વાનુમતે સતત ત્રીજી ટર્મ માટે બધા સભ્યોએ કળશ ઢોળ્યો હતો. સતત ત્રીજી ટર્મ માટે નિલેષભાઈ જોષીની નિમણુંકને સભ્યોએ વધાવી અભિનંદન પાઠવ્યા હતા.

નિલેષભાઈ જોષીએ શ્રી સરસ્વતિ બાલમંદિર મંડળની પ્રગતિ ઉત્તરોત્તર વધારી, શૈક્ષણિક સ્તર વધારી, શિક્ષકો સાથે સતત સંપર્કમાં રહી બાળકોનો સર્વાંગિ વિકાસની ગાથા અવિરત પણે ચાલુ રહેશે તેમ જણાવ્યું હતું.

ત્રીજી ટર્મ માટે સતત સમાજ સેવી નિલેષભાઈ જોષીની પસંદગી થતા બે ટર્મના યોગદાનને વાગોળી શ્રી મ.લા. ગાંધી કેળવણી મંડળના મંત્રી સુરેન્દ્ર શાહ, જેસીઝ મીલ્ક કમીટીના ચેરમેન નવનીત પરીખ, નગર સેવક સુભાષભાઈ શાહ, નિકેશ પરમાર, નાગરીક બેંકના એમ.ડી. અલ્પેશ ગાંધી, મહેન્દ્ર મામા, જેસીઆઈ પ્રમુખ ડૉ. સંતોષ દેવકર, મહાકાળી મંડળના હિતેશ જોષી, અસોકમામા, જય અમીન (લાયન્સ જોઈન્ટ સેક્રેટરી), આફતાબ દુરાની, વિનોદ પટેલ, ધર્મેન્દ્ર ત્રીવેદીએ અભિનંદન પાઠવ્યા હતા.

## પાકિસ્તાનનો હાથ.. ● અનુસંધાન પહેલાનું ચાલુ

ત્રાસવાદી હુમલામાં પાકિસ્તાનનો સંપૂર્ણ હાથ હોઈ શકે છે.

સંરક્ષણ મંત્રી મનોહર પારિકરે આજે કહ્યું હતું કે, પઠાણકોટમાં ખુબ જ મુશ્કેલી સ્થિતિમાં આતંકવાદીઓના ઈરાદાને નિષ્ફળ બનાવામાં સુરક્ષા દળો સફળ રહ્યા છે. તેમણે કહ્યું હતું કે, જે રીતે આટલા મોટા કેમ્પસમાં લોકોની સુરક્ષાને ધ્યાનમાં લઈને ખુબ જ ઓછા નુકસાનની સાથે આ ઓપરેશનને અંજામ સેનાએ આપ્યું છે તે પ્રશંસાપાત્ર છે. જો કે, તેમણે દુખ વ્યક્ત કરતા કહ્યું હતું કે, આટલી સુરક્ષા હોવા છતાં ત્રાસવાદીઓ એરબેઝની અંદર ઘુસવામાં સફળ રહ્યા હતા. ખામીઓને લઈને પણ મંત્રીએ ચિંતા વ્યક્ત કરી હતી. પત્રકાર પરિષદમાં પારિકરે કહ્યું હતું કે, તમામ આતંકવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવાયા છે. પાકિસ્તાનનો હાથ છે કે કેમતે અંગે પુછવામાં આવતા તેમણે કહ્યું હતું કે, એનઆઈએની ટીમ તપાસ કરી રહી છે. ત્રાસવાદીઓ પાસેથી જપ્ત સામગ્રીમાં કેટલાક પાકિસ્તાનની ચીજવસ્તુ હોવાના સંકેત મળ્યા છે. રક્ષામંત્રીએ એમ પણ કહ્યું હતું કે, શહીદ થયેલા લોકોના પરિવાર અને ઘાયલોને યુદ્ધના સમયે આપવામાં આવતી તમામ સુવિધાઓ આપવામાં આવશે. તેમણે કહ્યું હતું કે, એન્કાઉન્ટર ૩૬થી ૩૮ કલાક ચાલ્યું હતું પરંતુ તપાસ અભિયાન મોડે સુધી ચાલ્યું છે. એરબેઝમાં ત્રણ હજાર પરિવાર રહે છે.તેની લંબાઈ ૨૪૨૭ કિલોમીટરની છે જેથી ઓપરેશન લાંબુ ચાલ્યું હતું. આ બેઝના ૫-૬ દેશોના ટ્રેઈની પણ છે તેમને બચાવવાની કામગીરી પણ પડકારરુપ હતી જેને સફળતાપૂર્વક પાર પાડવામાં સફળતા મળી છે. તેમણે ઉમેર્યું હતું કે, સેનાએ ખુબ જ શાનદાર કામગીરી અદા કરી છે.

## વૃક્ષો હટાવાશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

હતો. શહેરમાં સુકાયેલા અને ભયજનક હાલતમાં અંદાજિત ૧૧૦૦ જેટલા વૃક્ષો હોવાનુ પ્રકાશમાં આવ્યુ હતુ. જયારે આ વૃક્ષો ગમે ત્યારે અકસ્માતનુ કારણ બને તેવી દહેશત હોવાથી તંત્ર દ્વારા આ વૃક્ષો દુર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. સુત્રોના જણાંવ્યા અનુસાર શહેરમાં સુકાયેલા ભયજનક વૃક્ષોનુ માર્કીંગ કરવામાં આવ્યુ હતુ. જેના આધારે હવે આ સુકાયેલા વૃક્ષો દુર કરવાનુ કામ શરૂ કરવામાં આવ્યુ છે. ટુંકમાં જ શહેરમાં અસ્તિત્વ ધરાવતા વૃક્ષોને દુર કરી દેવાશે. વન વિભાગ દ્વારા ટ્રીમીંગની કામગીરી હજુ સુધી પુર્ણ કરી શકાઈ નથી નડતરરૂપ બનતી વૃક્ષોની ડાળીઓ દુર કરવા માટે તંત્ર પાસે જરૂરી મશીનરી અને મેન પાવરનો અભાવ વર્તાય છે.

## આંખમાં ધૂળ

● અનુસંધાન પહેલાનું ચાલુ

વાદળો ઘેરાઈ ગયા છે. વાતચીત યોજાય તેવી શક્યતા નહીંવત દેખાઈ રહી છે. કારણ કે ભારતમાં આ હુમલાને લઈને ફરી એકવાર લોકોમાં નારાજગીનું મોજુ ફરી વળ્યું છે. આવી સ્થિતિમાં વાતચીત મોદી સરકારની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડી શકે છે તેમ માનવામાં આવે છે. બીજી બાજુ પઠાણકોટ હુમલામાં પાકિસ્તાન કનેક્શનની બાબત સ્પષ્ટપણે સપાટી ઉપર આવી ચુકી છે.

## લાકડાની હરાજી... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિભાગની ટીમ દ્વારા સતત ચાર મહીના સુધી કામગીરી કરવાની ફરજ પડી હતી. મેનપાવર અને મશીનરીના અભાવ વચ્ચે વૃક્ષો ખસેડવાનુ કામ વન વિભાગ માટે કપરુ બન્યુ હતુ. ત્યારે લાંબા સમયના અંતે વૃક્ષો દુર કરવાની કામગીરી પુર્ણ થયા બાદ વન વિભાગને હજારો ક્વિન્ટલ લાકડાની ઉપજ થઇ હતી. જયારે આ લાકડાને હરાજીથી વેચાણ કરી દેવાનો પણ નિર્ણય લેવાયો હતો. ત્યારે પ્રાથમિક તબક્કે વૃક્ષોના લાકડાની ઈ હરાજી કરવાની પણ વિચારણા હાથ ધરવામાં આવી હતી. ત્યારબાદ રૂટીન મુજબ જ લાકડાની હરાજી પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી. જેમાં બોરીજ રેન્જમાંથી જ ૯ હજાર ક્વિન્ટલ લાકડાની ઉપજ થઇ હતી. જેની હરાજી પ્રક્રીયા પુર્ણ કરી દેવામાં આવી છે. જેમાંથી વન વિભાગને રૂ ૩૫ લાખની આવક થઇ છે. અન્ય રેન્જમાંથી લાકડાની ઉપજ મુજબ પણ હરાજીની પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી.

## મોકડ્રીલ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વખત મોક ડ્રીલ પણ કર્યા હતા. આ મોક ડ્રીલમાં ત્રાસવાદીઓએ ચેકિંગ પોઈન્ટ પાર કરવાને લઈને સમગ્ર એરફોર્સ બેઝને પોતાના કબજામાં લેવાની ટ્રેનિંગ પણ કરી હતી. આ ઉપરાંત હથિયારો ચલાવવા અને હાથથી લડવાની ટ્રેનિંગ પણ લીધી હતી. સુત્રોએ કહ્યુ છે કે કોઈ સ્થિતીમાં ઝડપાઈ જવાની સ્થિતીમાં પોતાને બોમ્બથી ફુંકી મારવાની ટ્રેનિંગ અને કઠોર આદેશ પણ કરાયા હતા. ત્રાસવાદી હુમલાથી સાબિત થાય છે કે તેમની ટ્રેનિંગ જવાનોની જેમ થઈ હતી. હુમલો કરનાર ત્રાસવાદી પાકિસ્તાની સેના અથવા તો એરફોર્સના પૂર્વ જવાન હતા કે કેમ તે અંગે હજુ સુધી કોઈ માહિતી મળી શકી નથી. બીએસએફના પૂર્વ ડિરેક્ટર રામમોહન માને છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પાકિસ્તાની યાત્રાથી આઈએસઆઈના લોકો ખુશ ન હતા.

હુમલો કરીને સંબંધ ખરાબ કરવાના પ્રયાસ કરવામાં આવ્યા છે. એવી શંકા પણ છે કે પઠાણકોટ એરબેઝ ખાતે પહોંચતા પહેલા ત્રાસવાદીઓ માટે પહોંચાડી દેવામાં આવ્યા હતા. છ લોકો આટલી મોટી સંખ્યામાં હથિયારો લાવવાની સ્થિતીમાં ન હતા. હથિયારોમાં સુધારા કરવામાં આવ્યા હતા. એકે-૪૭ને બદલીન મોર્ટાર લોન્ચર અથવા તો અંડર બેરલ ગ્રેનેડ લોન્ચર બનાવવાના પ્રયાસ કરવામાં આવ્યા હતા. જો કે આના કારણે આ હથિયારો અસરકારક રહ્યા ન હતા.

## પેટ્રોલ-ડીઝલ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વિપરીત અસર થઈ શકે છે. જેના નિવારણ માટે પેટ્રલ ઉપર વેરાનો દર એક ટકા અને સેસનો દર બે ટકા વધારીને હાલના ૨૩ ટકા પ્લસ બે ટકાને બદલે ૨૪ ટકા પ્લસ ૪ ટકા કર્યો છે. જેને હિસાબે પેટ્રોલના ભાવમાં લિટરદીઠ રૂપિયા ૧.૯૦નો વધારો થઈને રૂપિયા ૬૨.૧૨ થશે.

તેજ રીતે ડિઝલ પર વેરાનો દર ત્રણ ટકા અને સેસનો દર એક ટકા વધારીને હાલના ૨૧ ટકા પ્લસ ત્રણ ટકાને બદલે ૨૪ ટકા પ્લસ ૪ ટકા કર્યો છે. જેને હિસાબે ડિઝલના ભાવમાં લીટરદીઠ ૧.૮૨નો વધારો થઈને ૫૦.૧૩ થશે. પેટ્રોલ અને ડિઝલ પરના વેરાના અને સેસના નવા દર આવતીકાલથી અમલી બનશે. સરકારે પેટ્રોલ વેરાનો દર એક અને સેસ દર બે ટકા વધારો કર્યો છે જેથી કુલ વધારો સેસ અને વેરામાં ત્રણ ટકાનો છે. આવી જ રીતે ડિઝલ પર વેરાના દર ૩ ટકા અને સેસના દરમાં એક ટકાનો વધારો કર્યો છે જેથી વેરા-સેસમાં ચાર ટકાનો વધારો થયો છે.

## ગુલમોર (૪ પાનાનું ચાલુ...)

એકમેકની હાજરીથી ગુંગળામણ પણ ન થવી જોઈએ.

દુનિયાના લોકો જોઈ શકે કે વ્યક્તિ સ્વતંત્ર અને મુક્ત છે, પરંતુ વ્યક્તિ જાણે છે કે તે પ્રેમ વિના કેદી અને અપંગ છે. તે કશું કરી શકતો નથી. ટૂંકમાં પ્રેમની કેદ માણસને કેદ લાગતી નથી. એમાં તે સ્વતંત્રતા અને સુરક્ષા અનુભવે છે. પોતાના પ્રિયજન પોતાના ઉપર કાળજી અને સંભાળની વર્ષા કરી દે ત્યારે એકાદ ક્ષણ પ્રિયજનને એમાં ગુલામીની માનસિકતા કે માલિકીપણાંની ભાવના પણ અનુભવાય છે. પરંતુ ખરેખર તો એમાં સામી વ્યક્તિનો પ્રેમ, કાળજી, નિસબત અને સંબંધનું ટકાઉપણું જ સમાયેલાં હોય છે.

પ્રેમનું આકાશ અને મોકળાશ-સ્પેસ પ્રિય વ્યક્તિ જ આપી શકે. પ્રેમનો સ્વાદ પોતાને પ્રેમ કરતી વ્યક્તિ જ ચખાડી શકે. પ્રેમનું રસાયણ કે દવા કોઈ ફાર્મા કંપની બનાવી શકે નહીં કે કોઈ મેડિકલ સ્ટોરમાં જઈને ખરીદી શકાય નહીં. જ્યારે બીજી વ્યક્તિ પોતાનો પ્રેમ આપવા માટે પોતાનું સમગ્ર અસ્તિત્વ અર્પણ કરે છે અને પોતાની ભીતરનું દ્વાર ખોલે છે ત્યારે જ પહેલી વ્યક્તિ પ્રેમમાં, પ્રિયજનમાં પ્રવેશ કરી શકે છે.

પ્રેમ સ્વતંત્રતા પણ છે અને જાતે પસંદ કરેલી ગમતીલી કેદ પણ છે. પ્રેમમાં પૂર્ણ સમર્પણ એટલે ભક્તિની પરાકાષ્ઠા. આવી ભક્તિ જ મુક્તિનો અનુભવ કરાવે છે. મહત્વની વાત એટલી જ કે આમ કરવા માટે પ્રેમ અને પ્રેમી પાત્ર અનિવાર્ય છે. પ્રેમ વિના બધું જ નકામું છે. પ્રિય વ્યક્તિનો જીવનમાં પ્રવેશ ન થાય ત્યાં સુધી પ્રેમ પણ સંભવ નથી.

જીવનભર કોઈને પ્રેમ ન પણ મળે એવું પણ બને. જિંદગીમાં કોઈ પ્રિયજનનું આગમન થાય એ પણ નસીબની વાત હોય છે. દરેક વ્યક્તિના જીવનમાં આવું નસીબ હોતું નથી. જો ખરેખરો પ્રેમ હોય તો પ્રેમ પણ ઈશ્વરના આશીર્વાદ છે. પ્રેમના નામે માત્ર આકર્ષણ જ કેન્દ્રસ્થાને હોય તો એવું આકર્ષણ લાંબો સમય ટકતું પણ નથી અને એવા સંબંધ તકલાદી અને તકવાદી બની રહે છે.

પ્રેમ ન હોય તો સમર્પણ કોને કરશો? એટલે કે પ્રેમની ગેરહાજરીમાં સમર્પણ પણ વ્યર્થ બની જાય છે. આમ જો પ્રેમ, પ્રિય વ્યક્તિ અને તેના પ્રત્યે સમર્પણ જ નહીં હોય તો ભક્તિ અને મુક્તિ પણ શક્ય બનવાની નથી. ટૂંકમાં એક પ્રેમી પાત્ર જ બીજા પ્રેમી પાત્ર માટે સર્વસ્વ સમાન હોય છે. પ્રેમના કારણે જ માણસને ઊર્જા મળે છે, અનન્ય શક્તિ અને ભક્તિ પણ મળે છે. એ વિના બધું જ નકામું અને અર્થહીન છે.

**સ્ટોપર :**

**"અબ મુઝસે કૌન જીત શકતા હૈ,**
**એક તું હી મેરે દિલ કા આખરી ડર થા..."**

**- અજ્ઞાત**

## નવાં કલેવર (૪ પાનાનું ચાલુ...)

કંદોઈની એક જૂની દુકાન હતી. દર્શન કર્યા પછી બળવંતભાઈ ત્યાં ઊભા રહેતા અને આજુબાજુ ઉભેલા લોકો સાથે દેશ-દુનિયા અને સમાજના વિવિધ મુદ્દાઓની ખુલ્લા દિલે ચર્ચા કરતા મેં ત્યાં જઈ તપાસ કરી તો ખબર પડી કે હમણાં ઘણાં દિવસથી એ મંદિરે નથી આવતા. મારું હૃદય અનિષ્ઠની આશંકાથી કંપી ઉઠ્યું. પણ જાણવા મળ્યું કે સામે દવાની દુકાને હજુ પણ તેઓ ઘણીવખત આવે છે. બળવંતભાઈએ મંદિરે આવવાનું કેમ બંધ કરી દીધું. તેની માહિતી કોઈને નહોતી.

(ક્રમશઃ)

## hello ફ્રેન્ડ્સ! (૪ પાનાનું ચાલુ...)

આંકડાઓ, અને સૌથી વધુ બાળકોના ટકાનાં આંકડો... આ બધાં આંકડા સતત નજર સમક્ષ નાચતા રહે છે.

પગાર કે કમર કે પછી ઉંમર વધે એની શું ચિંતા? રિટાયર્મેન્ટ પછી મળતાં રૂપિયાની કલ્પના કરવા કરતાં આજે કેટલાં વાપરી શકો છો? એવું જુઓ ને રાજા, નંબર ગેમ છોડો મોજ કરો!!

**ચૂંટલો** : સારી કે ખરાબ બધી યાદોને ખંખેરીને મળેલો ૩૬૫ દિવસનો બ્લેક ચેક વાપરી લો. અમદાવાદના યુવા કવિ મિત્રની પંક્તિઓ જુઓ ને કેટલી યોગ્ય લાગે છે...

**ફરી પારણું બાંધો, ફળિયે રોમરોમ**
**જામ્યો છે હર્ષ, કે આજ ફરી જન્મ્યું છે,**
**ભાઈ નવું નવું આ વર્ષ...**

**- તેજસ દવે**

**ટેન્ડર હરાજી (પ્રથમ પ્રયત્ન)**

નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણ ખાતા હસ્તકની (ક્વાલીસ ડીઝલ) વાહન નં. જ્ન ૧૮ ૨ ૧૭૨૩ મોડલ ૨૦૦૪ હાલ જે સ્થળે જે સ્થિતિમાં છે તે હાલતમાં જાહેર જનતા પાસેથી ભાવો મેળવી તા. ૨૦/૧/૨૦૧૬ના રોજ ટેન્ડર પદ્ધતિથી નિકાલ (બિન ચુકવણીપાત્ર) રોકડા નિયામક, અનુસુચિત જાતિ કલ્યાણ ખાતુ, બ્લોક નં. ૪/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરની કચેરીમાં જમા કરાવી તા. ૧૧/૧/૨૦૧૬ના રોજ ૧૩.૦૦ કલાક સુધીમાં ટેન્ડર ફોર્મ મેળવી લેવાના રહેશે.

સહી/- નિયામક
અનુસુચિત જાતિ કલ્યાણ ખાતુ
ગુજરાત રાજ્ય ગાંધીનગર વતી

માહિતી/૨૨૪૬/૨૦૧૬-૧૭